## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**હવે, ગેસનાં જેટલા રૂપિયા વધે એટલો ગેસ ઓછો કરીને જ મને બાટલો આપવાનો... હું તો જુના ભાવ જેટલા જ રૂપિયા આપીશ... મારે મારુ બજેટ સાચવવાનું હોય છે ભાઈ...!!**

# સ્વાગત એફોર્ડ ફ્લેટમાંથી મહિલા સહિત સાત જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૭

સરગાસણ વિસ્તારમાં આવેલા સ્વાગત એફોર્ડ ફ્લેટમાં છેલ્લા કેટલાક સમયથી ધમધમી રહેલા જુગારધામ પર ઈન્ફોસીટી પોલીસે ત્રાટકીને મહિલા સહિત ૭ જુગારીઓને દબોચી લીધા હતા. કોઈન થી જુગાર રમી રહેલા જુગારીઓ પાસેથી પોલીસે રોકડ રૂપીયા, મોબાઈલ ફોન, ફોર્ચ્યુનર કાર મળી કુલ રૂ.૧૧.૫૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ દારૂ-જુગારની પ્રવૃતિઓ પર અંકુશ મેળવવા પોલીસ અધિકારીઓને સુચનાઓ આપવામાં આવી છે. જેને પગલે ઈન્ફોસીટી પીઆઈ પી.પી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ડીસ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે સાથે રહેલા વિજય રાજગોરને બાતમી મળી હતી કે સ્વાગત એફોર્ડ ફ્લેટ નં. એક્સ-૩૦૨ માં રહેતી વિદ્યા પિગલે




બહારથી જુગારીઓને બોલાવી કોઈનથી જુગારધામ ચલાવે છે. બાતમીને પગલે ખાનગી વાહનમાં જઈને ફ્લેટનો દરવાજો ખખડાવ્યો હતો. ત્યારે પેથાપુર વણકરવાસ ખાતે રહેતા મુલચંદ મંગળદાસ સેનમા એ દરવાજો ખોલ્યો હતો. જેથી પોલીસ અંદર ફ્લેટમાં પ્રવેશી હતી, બેડરૂમમાં ચેક કરતા બેડરૂમમાં જુગારીઓ કોઈન પર જુગાર રમી રહ્યા હતા. પોલીસ પણ આ દ્રશ્ય જોઈને અચંબામાં પડી ગઈ હતી.જયારે વિદ્યા પણ જુગાર રમતી હોવાથી પોલીસે મહિલા જમાદાર દિપિકાબેન તેમજ હેડ કોન્સ્ટેબલ સિદ્ધરાજસિંહને પણ બોલાવી લીધા હતા. ફ્લેટમાં પોલીસને જોઈને જુગારીઓએ કોઈન અને પાના સંતાડી દીધા હતા. પોલીસે પુછતાછ કરતા જુગારીઓએ પોતાના નામ નિખિલ કેતનકુમાર પરમાર (ઉં.૨૭, રહે,સેકટર-૪ એ પ્લોટ નં. ૨૪૭-૧ મુળ-બાપુપુરા માણસા), ભૌમિક ગીરીશભાઈ સેનમા (ઉં.૨૨ સેકટર-૪ એ પ્લોટ નં.૨૪૭-૧) હિતાર્થ બળદેવભાઈ દવે (જીઈબી કોલોની) શાર્દુલ અનિલભાઈ રાઠોડ (ઉં.૩૮ રહે, સેકટર-૩ ન્યું પ્લોટ નં. ૧૭૬-૨) વિદ્યા પિંગલે (ઉં. ૨૮ રહે, સ્વાગત એફોર્ડ ફ્લેટ નં. એક્સ.૩૦૨), જેતારામ સોનારામ સેનમાં (ઉં.૩૨ રહે. સ્વીટ શુક્રા ફ્લેટ ઈ-૫૦૪) અને મુલચંદ મંગળદાસ પટેલ (ઉં.૩૮ રહે.વણકરવાસ પેથાપુર) હોવાની કબુલાત કરી હતી. પોલીસે જુગારીઓની અંગજડતી તેમજ દાવ પરથી મળી કુલ રૂ.૧૨ હજાર રોકડ, રૂ.૪૦હજારના ૭ મોબાઈલ ફોન, ફોર્ચ્યુનર કાર રૂ.૧૦ લાખ, આઈ ટેન કાર રૂ.૧ લાખ અને ૧૪૨ કોઈન સહિત કુલ રૂ.૧૧.૫૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- જીવરાજ મહેતા ભવનમાં બ્લોક નં. ૧૯માં આજે પાંચ કલાકથી પણ વધુ સમય સુધી વીજળી વેરણ થતાં આ બ્લોકમાં આવેલી કચેરીઓનું કામકાજ ખોરવાઈ જવા પામ્યુ હતુ.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન તથા સાધના પેરેન્ટસ એસો. ફોર મેન્ટલી ચેલેન્જડ પર્સન્સ દ્વારા ૮મીએ રાત્રે ૬ થી ૯ દરમ્યાન સે. ૧૬ના રંગમંચ પર વિશેષ ગરબાનું આયોજન કરાયુ છે.
- ગાંધીનગર મનપાના કમિશનર ગુરુવારે માત્ર ૧૧ થી ૧ દરમ્યાન જ જાહેર જનતાને મળશે તેવા નિર્ણયને પગલે લોકોમાં ગણગણાટ શરૂ થયો છે.
- સે. ૨૮નું બાલોદ્યાન ઝડપથી ખુલ્લુ મુકાય તેવી લોકોમાં માંગ ઉઠી રહી છે.
- ભારત સરકારના સ્માર્ટ સીટીના મિશન ડાયરેક્ટરે આજે વિડીયો કોન્ફરન્સ કરી સ્માર્ટ સીટીના કામોમાં ગતિ લાવવા પર ભાર મુક્યો હતો.
- ગુજરાત સચિવાલય ફેડરેશને રાજ્યના નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવને પત્ર લખી વર્ગ ૩-૪ના કર્મચારીઓને તહેવાર પેશગી આપવા તેમજ વર્ગ-૪ના કર્મચારીઓ માટે દિપાવલી પર્વનું બોનસ જાહેર કરવા પત્ર લખીને માંગ કરી છે.
- જિલ્લામાં સ્ત્રી શિક્ષણના હિમાયતી કુસુમબેન શશીકાન્ત શાહનું તા. ૬-૧૦-૨૧ના રોજ દુઃખદ અવસાન થયુ છે. મૂળ સરઢવના અને અમદાવાદમાં સ્થાયી થયેલા કુસુમબેન શાહ વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા.

## લીંબડીયા કેનાલમાં માતા-દિકરીએ કેનાલમાં કુદકો માર્યો : સિક્યુરીટી ગાર્ડે મહિલાનો જીવ બચાવ્યો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી નર્મદા કેનાલ આપઘાત કરવા માટે હોટ સ્પોટ બની રહી છે. કેનાલમાંથી આંતરે દિવસે મૃતદેહ મળી આવે છે. ત્યારે આજે મોટા ચિલોડા ગામની પરિણિતાએ ૧૪ વર્ષની દિકરી સાથે કોઈ અગમ્ય કારણોસર લીંબડીયા કેનાલ ખાતે મોતનો કુદકો લગાવ્યો હતો. તે સમયે કેનાલ પર હાજર ફરજ પરના સિક્યુરીટી ગાર્ડે કેનાલમાં કુદકો મારીને પાણીમાં તરફડીયા મારી રહેલી મહિલાને ભારે જહેમત બાદ બચાવી દીધી હતી.જયારે દિકરીનો ક્યાંક પત્તો લાગ્યો ન હતો. જયારે મહિલાની સ્થિતિ ગંભીર હોવાથી ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ છે.

સુત્રોના જણાવ્યા મુજબ આજે લીંબડીયા નર્મદા કેનાલ ખાતે એક મહિલા અને દિકરી પડ્યા હોવની જાણ ફરજ પર હાજર ગાર્ડ પ્રવિણ જાદવ અને પોપટજી ઠાકોરને થઈ હતી. તાત્કાલીક બંન્ને ગાર્ડ કેનાલ પર દોડી ગયા હતા.તે સમયે મહિલા પાણીમાં ગરકાવ થઈ રહી હતી. તે જોઈને સહેજ પણ વિચાર કર્યા વગર ગાર્ડ પ્રવિણ જાદવે કેનાલમાં કુદકો માર્યો હતો. તે સમયે પોપટજી પણ ટ્યુબ લઈને કેનાલમાં પડ્યા હતા. બંને સલામતી ગાર્ડે ભારે જહેમત બાદ મહિલાને ગંભીર સ્થિતિમાં બહાર નીકાળી હતી.

પરંતુ દિકરીનો ક્યાંય પત્તો લાગ્યો ન હતો. મા-દિકરી બંને કેનાલ પર આવ્યા બાદ પર્સ, બે સાડી, બે જોડી ચંપલ, અને બે જોડી ચશ્મા અને મોબાઈલ પુલની સાઈડમાં મુકી પુલ પરથી કેનલામાં કુદી પડ્યા હોવાની જાણ રાહદારીએ ગાર્ડને કરતા તેઓ ક્ષણનો પણ વિચાર કર્યા વિના કેનાલમાં કુદીને મહિલાનો જીવ બચાવવામાં સફળતા મળી હતી. જયારે દિકરીને શોધવા માટે કેનાલમાં પાણીમાં શોધખોળ કરી હતી. પરંતુ ક્યાંક દિકરીનો પત્તો લાગ્યો ન હતો.જયારે મહિલાની સ્થિતિ ગંભીર હોવાથી ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## પેથાપુરના એએસઆઈ પાંચ હજારની લાંચ લેતા ઝડપાયા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર પેથાપુર પોલીસ મથકના ઉનાવા આઉટ પોસ્ટમાં ફરજ બજાવતા એએસઆઈ રૂ.૫ હજારની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયા છે. બનાવ અંગે એએસઆઈને પકડી પાડી એસીબી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના આઉટ પોસ્ટ ઉનાવા ખાતે એએસઆઈ હસમુખ અંબાલાલ શર્મા ફરજ બજાવે છે. એક મહિલાએ તેની બહેન ગુમ થયા અંગેની અરજી પેથાપુર પોલીસને કરી હતી. આ અરજીની તપાસ એએસઆઈ હસમુખ શર્મા કરી રહ્યા હતા. તેઓએ અરજીને પગલે મહિલાના પતિને નિવેદન માટે બોલાવ્યો હતો. મહિલાના પતિએ નિવેદનમાં પોતાની પત્ની પોતાની મરજીથી પિયર મહારાષ્ટ્ર ખાતે ગઈ હોવાનું જણાવ્યું હતું અને ગુમ થઈ હોવાનો ઈન્કાર કર્યો હતો. આ દરમિયાન શખ્સની પત્ની પિયરથી પરત આવી ગઈ હતી અને તેણીએ પણ પોતાના નિવેદનમાં પોતાની મરજીથી પિયર ગઈ હોવાનું પોલીસને જણાવ્યું હતું.



જયારે ગુમ થયાની અરજી મહિલાના બહેને કરી હતી. મહિલાના બહેનને તેના જીજાજી સાથે અણબનાવ હતો. ત્યારપછી ત્રણેય જણા એએસઆઈ હસમુખ શર્મા પાસે આવ્યા હતા. જયાં અરજી અંગે બંન્ને પક્ષે સમાધાન કરાવ્યું હતું. જયારે અરજીના કાયમી નિકાલ માટે મહિલાના પતિ પાસેથી રૂ.૨૦હજારની લાંચની માંગ કરી હતી. ત્યારબાદ હા ના કરતા રૂ.૫ હજારમાં નક્કી થયુ હતું. જો કે લાંચ પેટે એક પણ રૂપીયો ફરીયાદી આપવા માટે ઈચ્છતો ન હતો. જેથી તેણે એસીબીના ટોલ ફ્રી નંબર ૧૦૬૪ પર કોલ કરીને ફરીયાદ આપી હતી. જેને પગલે ગાંધીનગર એકમના એસીબી મદદનીશ એ.કે.પરમારના સુપરવિઝન હેઠળ પીઆઈ એસ.ડી.ચૌધરી તેમજ સ્ટાફે છટકુ ગોઠવ્યું હતું. ત્યારે એએસઆઈ હસમુખ શર્મા આવતા ફરીયાદીએ રૂ.૫ હજાર આપ્યા હતા. જેથી હસમુખ શર્માએ જેવા રૂપીયાનો સ્વીકાર કર્યો કે તાત્કાલીક જ એસીબી પોલીસે એએસઆઈને પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

## ડ્રાઈવિંગ લાયસન્સ અને આર.સી. સહિતના દસ્તાવેજોની વેલીડીટી ૩૧મી સુધી લંબાવાઈ

વાહન વ્યવહાર કમિશનરની યાદીમાં જણાવ્યા મુજબ ડ્રાઈવિંગ લાયસન્સ અને આર.સી. સહિતના દસ્તાવેજોની વેલીડીટી તા. ૩૧ ઓકટોબર-૨૧ સુધી લંબાવવામાં આવી છે. ભારત સરકારના રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયની એડવાઈઝરી મુજબ તા. ૧/૨/૨૦ મુદત વીતી ગયેલા દસ્તાવેજો તા.૩૧/૧૦/૨૦૨૧ સુધી એન્ફોર્સમેન્ટ પૂરતા માન્ય રાખવા જણાવવામાં આવ્યુ છે. એન્ફોર્સમેન્ટની કામગીરી દરમિયાન એન્ફોર્સમેન્ટ અધિકારી-કર્મચારીઓએ આ એડવાઈઝરીને ધ્યાનમાં રાખી એન્ફોર્સમેન્ટની કામગીરી કરવાની રહેશે.



નવરાત્રીના પ્રથમ નોરતે મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેકટર-૧૬ અને સેકટર-૧૨ની માધ્યમિક શાળા ખાતે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્રના ફોરમ ગજ્જર અને વિરાટ ગજ્જર દ્વારા બાલીકાઓને મહેંદીના કોનનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

## સે-૨૫ ખાતે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

સહકાર કોલોની સેકટર-૨૫ ખાતે છેલ્લાં ૧૩ વર્ષથી આસો મહીનાની એકમ પહેલાની રાત્રે દર વખતે શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવે છે, ચાલુ વર્ષે પણ કોરોનાથી તથા કુદરતી જે વસાહતીઓનાં મૃત્યુ થયા હતાં તેઓને બે મિનીટ નું મૌન પાળી અંજલિ અર્પી હતી તથા ભજન સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં વસાહતના બાળ ગોપાલથી માંડી યુવા, વૃદ્ધોએ ભાગ લઈ સ્વર્ગસ્થને શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા.

## શહેરમાં સાયબર ક્રાઈમ-ઈન્વેસ્ટીગેશન વિષય પર સેમીનાર યોજાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા ન્યાયાલય તથા જિલ્લા પોલીસના સંયુક્ત ઉપક્રમે પોલીસ અધિકારીઓ તથા સરકારી વકીલ માટે સાયબર ક્રાઈમ અને ઈન્વેસ્ટીગેશન ઉપર એક સેમિનારનું આયોજન તા. ૯-૧૦-૨૧ને શનિવારના રોજ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે. જેમાં ગુજરાત હાઈકોર્ટના પરેશ ધોરા (ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશન) ડીસ્ટ્રીક્ટ જજશ્રી, ગાંધીનગર, જિલ્લા પોલીસ વડા તથા જિલ્લાની કોર્ટના સરકારી વકિલો અને જિલ્લાના પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહેશે. જેમાં સાયબર ક્રાઈમના ગુન્હાની તપાસ કેવી રીતે કરવી તથા જિલ્લાકક્ષાએ ગુન્હાને સાબીત કરવા માટે પોલીસ તપાસમાં સારી કામગીરી કઈ રીતે કરી શકાય, ઈલેક્ટ્રોનિક્સ પુરાવાઓ કેવી રીતે મેળવવા તથા કોર્ટમાં તે પુરાવા ગ્રાહ્ય રહે તે સ્વરૂપે રજુ કરવા તપાસ અધિકારીની શુ ભૂમિકા રહે છે તે બાબતે નિવૃત્ત પ્રિન્સીપલ જજ અને અન્ય મહાનુભાવો દ્વારા સમજણ તથા પ્રશ્નોત્તરી રાખવામાં આવેલ છે.

હાલમાં વધી રહેલ સાયબર ક્રાઈમ અને ફાયનાન્સીયલ ફ્રોડ જેવા ગુન્હાઓનું યોગ્ય ઈન્વેસ્ટીગેશન થાય અને કોર્ટ દ્વારા ઈલેક્ટ્રોનિક્સ પુરાવાઓને માન્ય રાખવામાં આવે તે ખુબજ જરૂરી હોય તમામ તપાસ અધિકારી અને સરકારી વકિલ વચ્ચે એકસુત્રતા જળવાય તે માટે આવું આયોજન કરવામાં આવ્યુ છે. આવા આયોજનને લીધે પ્રજાને ન્યાય અપાવામાં તેમજ ગુનેગારોને સજા મળી રહે તે માટે ખુબ ઉપયોગી બની રહેશે.

## સાદરા સંકુલની દિશા પ્રજાપતિએ રાજ્ય કક્ષાની વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું

ગાંધીનગર, તા.૭

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના બી.એ સત્ર-૫માં (અંગ્રેજી વિષય) અભ્યાસ કરતી દિશા પ્રજાપતિ રાજ્યકક્ષાની વકતૃત્વ સ્પર્ધા કચ્છ-ભુજ ખાતે ભાગ લીધો હતો. ગુજરાત રાજ્યની વિવિધ ૪૫ યુનિવર્સિટીઓના ૫૦૦ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમાંથી સાદરા સંકુલની દિશા પ્રજાપતિએ રાજ્યકક્ષાની વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાને વિજેતા થતાં સમગ્ર ગૂજરાત વિદ્યાપીઠના તમામ સંકુલોમાં આનંદની લાગણી ઊભી થઈ છે અને દિશા પ્રજાપતિને શુભેચ્છાઓ અપાઈ રહી છે.

સંકુલ સાદરાના સંયોજક શ્રી રમેશભાઈ પટેલ, ડૉ. મોતીભાઈ દેવું અને ડૉ. ગાયત્રીદત્ત મહેતા તેમજ સર્વે પ્રાધ્યાપક-સેવકગણના સહયોગથી દિશા પ્રજાપતિને રૂપિયા ૫૦૦૦ (પાંચ હજાર) નો રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. પ્રોત્સાહક ઈનામ સંકુલના સંયોજક શ્રી રમેશભાઈ પટેલના હસ્તે આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત પ્રમાણપત્ર, શિલ્ડ એનાયત ડૉ. રાજેન્દ્ર જોષી, ડૉ. દિવ્યેશ ભટ્ટ અને ડૉ. બળદેવ મોરીના હસ્તે અપાયા હતા.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**જાહેર નિવિદા નં. ૧૨ (૨૦૨૧-૨૨)**

GSPHC નાસ્તિ ગૃહાત્પરં સુખમ્

રજીસ્ટર્ડ ઓફિસ : ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી.
નશાબંધી ભવનની પાસે, લોકાયુક્ત ભવનની પાછળ,
'છ' રોડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર-૩૮૨૦૧૦
CIN : U45201GJ1988SGC01153
GST NO : 24AAACG5532C1Z7

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી., મહેસાણા વિભાગીય કચેરી, પોલીસ ક્લબ બિલ્ડીંગ, નવા કોમ્યુનિટી હોલની સામે, પોલીસ હેડ ક્વાર્ટર, મહેસાણા (ટે.નં. ૨૨૧૩૭૫) દ્વારા માન્ય ઈજારદારો પાસેથી સીવીલ કામોના ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ કામોની વિગતવાર જાહેર નિવિદા કચેરીના નોટીસ બોર્ડ ઉપરાંત રાજ્ય સરકારશ્રીના માહિતી ખાતાની વેબસાઈટ www.statetnders.gujarat.gov.in & www.gujaratinformation.gujarat.gov.in તથા નિગમની વેબસાઈટ www.gsphc.gujarat.gov.in પર જોવા મળશે. આ કામ અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકશે. અનુક્રમ નં.૧ થી ૪ના ટેન્ડર તા. ૮/૧૦/૨૦૨૧ થી ઓનલાઈન ઉપલબ્ધ રહેશે. જે ઓનલાઈન સબમીટ કરવાની તા. ૨૧/૧૦/૨૧ છે, તથા તેના દસ્તાવેજો પૂરા પાડવાની છેલ્લી તા. ૨૫/૧૦/૨૦૨૧ છે. અનુક્રમ નં. ૫ના ટેન્ડર તા. ૮/૧૦/૨૦૧ થી ઓનલાઈન ઉપલબ્ધ રહેશે. જે ઓનલાઈન સબમીટ કરવાની તા. ૨૮/૧૦/૨૦૨૧ છે. તથા તેના દસ્તાવેજો પૂરા પાડવાની છેલ્લી તા. ૧/૧૧/૨૦૧ છે.

કાર્યપાલક ઈજનેર
ક્રમાંક:નામાનિ/મહે/૨૬૭/૨૦૨૧/૨૨ મહેસાણા

